# ઉત્થાન

।। तमसो मा ज्योतिर्गमय ।।

**પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત**

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૧ | સપ્ટેમ્બર-ઓક્ટોબર-૦૮ (માસિક અંક) ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- ✲ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૧૦-૧૧



✲ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ **સહ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

✲ **સહ માનદ તંત્રીશ્રી :**

જી. સી. કાછીઆ (નિવૃત અધ્યાપકશ્રી)
પ્રા. વિજયભાઈ પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા

✲ **વિદ્યાર્થી સંપાદકો :**

ફરહાનબાનુ દિવાન
પ્રતિક્ષા પ્રજાપતિ
હાર્દિક દવે
દિપેશ ડાભી
કૃતિકા પટેલ
વિનુભાઈ જોષી
રવિ જોષી
સુરેશ સોલંકી
પરમાર લક્ષ્મીબેન

✲ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :
www.petladcollege.com


**તંત્રીશ્રીની કલમે....**

## આતંકવાદ - ઉકેલ ઈચ્છતી સમસ્યા

કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, સમાજ, દેશ અને સમગ્ર વિશ્વને લગતી સમસ્યાઓથી વાકેફ થાય, સમસ્યાઓના ઉકેલ તથા સમસ્યાઓ કેવી રીતે વ્યક્તિગત કે સામુહિક પ્રયત્નોથી હલ થઈ શકે તે દિશામાં વિચારતા થાય અને સમસ્યાઓ પ્રત્યે અન્ય વિદ્યાર્થીઓ કે સમાજનો અજાણ વર્ગ વાકેફ થાય એવા ઉમદા હેતુથી કોલેજના સમગ્ર વિદ્યાર્થીઓ માટે "THEME MONTH" ઉજવવાનું સર્વ સંમતિથી નક્કી કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત ડીસેમ્બર માસની THEME તરીકે "આતંકવાદ"- ની પસંદગી કરવામાં આવી હતી.આ THEME MONTH ની ઉજવણી અંતર્ગત્ વિદ્યાર્થીઓમાં જુદી જુદી હરિફાઈ સ્પર્ધાઓનું આયોજન કરવું અને સહભાગી તથા વિજેતા વગર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ઈનામ આપવાનું આયોજન છે. આ THEME MONTH ની ઉજવણી દરમ્યાન હાથ ધરવામાં આવનાર વિદ્યાર્થી વિકાસને લગતી વિવિધ પ્રવૃત્તિઓ તથા હરિફાઈ દરમ્યાન કોલેજ તથા સહભાગી થનાર વિદ્યાર્થીઓ પર પડતા વધારાના આર્થિક ભારણમાં મદદરૂપ થવા અને આ પ્રકારની પ્રવૃત્તિઓ વધુ પ્રર્વતતી થાય, એવા ઊંડા ઉદ્દેશથી પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હરેનભાઈ શાહ દ્વારા કોલેજ અને આ વિચારયજ્ઞમાં સંમિલિત થનાર વિદ્યાર્થીઓને આર્થિક સહકાર આપવાની જાહેરાત આ THEME BASED ACTIVITY ને વધુ વેગવંતી બનાવશે અને આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં ક્રમશઃ વધુ પ્રિય બનતી જશે એવો મને દૃઢ વિશ્વાસ છે. આમ, સમગ્ર ડીસેમ્બર મહીનો આતંકવાદના THEME સાથે ઉજવાયો અને આ અંતર્ગત્ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું. અપેક્ષા મુજબ, આ પ્રવૃત્તિની શરૂઆત હોવાથી ખૂબજ ઓછા વિદ્યાર્થી સહભાગી થયા પણ મને આશા છે કે જાન્યુઆરી માસની THEME "વ્યસન મુક્તિ" છે જેમાં વધારે વિદ્યાર્થીઓ જોડાશે.

આપણે જાણીએ છીએ કે, આતંકવાદ એ "વૈશ્વિક" સમસ્યા બની ગઈ છે. પરંતુ કહેવાતા વિકસિત દેશો તેનો "પોતાની રીતે" ઉકેલ લાવી સંતોષ માને છે, જ્યારે ભારત જેવા વિકાસશીલ દેશો કે જેઓએ વિકાસોન્મુખ બનવાના પ્રયત્નો ચાલુ કર્યા છે. તેવા રાષ્ટ્રો માટે વિકાસના પ્રયત્નોમાં આતંકવાદ ચોક્કસપણે "આડખીલી" રૂપ બનશે જ એ હકીકત દરેક નાગરીક સારી રીતે સમજી શકે તેમ છે. આપણા દેશમાં કોઈ સ્થળે આતંકવાદી હુમલો થાય ત્યારે નાગરીકો, પ્રચાર માધ્યમો, રાજકારણીઓ, સુરક્ષાતંત્રના જવાંમર્દો થોડાક સમય માટે "જાગૃત" થાય, ચર્ચાઓનો દોર ચાલે, નિવેદનો થાય, આક્ષેપબાજી થાય, જાહેરદેખાવો યોજાય પણ થોડાક સમય બાદ બધુ જ ભુલાઈ જાય અને ફરીથી કેટલાક દિવસ બાદ બીજી આંતકવાદી ઘટના થાય, બોમ્બ વિસ્ફોટ થાય એટલે ઉપર્યુક્ત ઘટનાઓનું ક્રમિક પુનરાવર્તન થાય અને ફરીથી પાછી તેની વિસ્મૃતિ. આંતકવાદની ઘટના જો કોઈને યાદ રહેતી હોય કે કોઈના કાળજે તેની યાદ કંડોરાયેલી રહેતી હોય તો એ માત્ર અને માત્ર તેનો "ભોગબનનાર" તથા તેના કુટુંબીજનો માટે જ જિંદગીભર યાદ રહી જાય બાકી બધાજ યંત્રવત્ જીવનમાં "બધું જ " ભુલી જાય છે.

ખરેખર દરેક નાગરીક હવે "આંતકવાદ" થી સંતપ્ત - સંતૃપ્ત થઈ ગયો હોવા છતાં પણ શિથિલ તંત્ર અને નેતાગીરી સામે અવાજ ઉઠાવવાનો કોઈ રસ્તો જડતો નથી, એટલે બધા જ નાગરીકો બધું જ મુગામોંએ સહજ રીતે સહન કરે છે, અને એમ કરતાં કરતાં આતંકવાદ હવે દરેક ભારતવાસીને "કોઠે પડી ગયો હોય" એવું લાગે છે.

પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ, વહીવટી તથા સુરક્ષા તંત્રની નક્કર ક્રિયાશીલતા અને દેશવાસીઓની સભાનતા સાથેની "દેશદાઝ" સંયુક્ત રીતે કાર્યાન્વિત થાય તો ગમે તેવો "વાદ" હોય, ચાહે તે આતંકવાદ હોય, ઉગ્રવાદ હોય, નક્સલવાદ હોય કે પછી બીજા કોઈપણ સ્વરૂપનો અલગતાવાદ હોય, આપણા અખંડ ભારતમાંથી તે "જડમૂળ" માંથી દૂર થાય એમાં શંકા નથી.

સર્વે દેશબાંધવોને આતંકવાદ સામે તન, મન અને ધનથી લડવાની ઉર્જા - શક્તિ સાંપડે એજ અભ્યર્થના સાથે .... ભારત માતાકી જય.....

# ગુજરાતનો આર્થિક સર્વાંગી વિકાસ

**પ્રસ્તાવના :-**

ગુજરાત રાજ્યની સ્થાપના ૧ લી મે,૧૯૬૦ના રોજ થઈ હતી. રાજ્યની સ્થાપના બાદ સરકાર દ્વારા રાજ્યનો સતત સર્વાંગી વિકાસ કરવાના પ્રયત્નો થયા હતા. પરંતુ ૧૯૯૧ માં આર્થિક સુધારાઓ દાખલ થયા બાદ દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતે જે વિકાસના સિધ્ધિઓ હાંસલ કરી છે તેનો યશ રાજ્યના વહીવટકર્તાઓ અને સુશીક્ષિત ગુજરાતી વેપારી પ્રજાને આપી શકાય.

રાજ્યને ૧૬૦૦ કિમી લાંબા દરિયાકિનારાની ભેટ મળી છે જે રાજ્યની સમૃધ્ધિનો મુખ્ય આધાર છે. રાજ્યનું ક્ષેત્રફળ ૧,૯૬,૦૦૦ ચો. કિમી. એટલે કે દેશના કુલ ક્ષેત્રફળના ૬.૧૦% જેટલું છે. રાજ્ય વસ્તીની દૃષ્ટિએ દેશમાં ૧૦મું અને વિસ્તારની દૃષ્ટિએ ૮ મું સ્થાન ધરાવે છે. રાજ્યના થયેલા સર્વાંગી વિકાસની માહિતી નીચેના માપદંડોના આધારે આપી શકાય છે.

**૧) રાજ્યનું ચોખ્ખું ઘરેલુ ઉત્પાદન : (GDP)**

દસમી પંચવર્ષીય યોજના દરમિયાન રાષ્ટ્રીય કક્ષાના ૮ ટકાના વૃધ્ધિ દરના સામે રાજ્યએ ૧૦.૪ ટકાનો વૃધ્ધિ દર પ્રાપ્ત કરેલ છે. વર્ષ ૨૦૦૦-૦૧ માં રાજ્યનું ચોખ્ખું ઘરેલું ઉત્પાદન રૂ. ૭૫,૯૪૫ કરોડ થયેલું જ્યારે વર્ષ ૨૦૦૬-૦૭માં રૂ. ૧,૮૫,૮૦૨ કરોડ થયેલ છે જે રાજ્યના ચોખ્ખા ઘરેલું ઉત્પાદનમાં ટૂંક સમયમાં થયેલો ઊંચો વધારો સૂચવે છે.

**૨) માથાદીઠ આવક :-**

રાજ્યના ચોખ્ખા ઘરેલું ઉત્પાદનની સામે માથાદીઠ આવકમાં પણ સતત વધારો થઈ રહેલ છે. વર્ષ ૨૦૦૦-૦૧ માં રૂા. ૧૭૯૩૮ ની માથાદીઠ આવક વધીને વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા. ૩૪૫૩૨ થયેલ છે, જે રાષ્ટ્રીય સરેરાશ માથાદીઠ આવક કરતાં ઊંચી છે. રાજ્યના સર્વાંગી વિકાસની નીતિના ઝડપી અને અસરકારક અમલનાં કારણે રોજગારીની તકોમાં અનેકગણો વધારો થયેલ છે. જેના લીધે ભારતનાં રાજ્યોમાં રોજગારી પૂરી પાડવાની બાબતમાં ગુજરાત પ્રથમ ક્રમે આવે છે.

**૩) કૃષિ અને બાગાયત :-**

રાજ્યનું વર્ષ '૦૬-૦૭' નું અનાજ અને કઠોળનું ઉત્પાદન અનુક્રમે ૬૪.૯૭ લાખ ટન (૨૪૭% વધારો) અને ૧૦૦ લાખ ગાંસડી (૩૫૪% વધારો) થયેલ છે કુલની અને બટાટાના ઉત્પાદનમાં રાજ્ય સમગ્ર દેશમાં અગ્રક્રમે છે. રાજ્યમાં મસાલા, શાકભાજી, ફળો અને ફૂલોનું ઉત્પાદન પણ સતત વધી રહ્યું છે. ફળોની ઉત્પાદકતા પ્રતિ હેક્ટર ૧૮.૧૮ મે. ટન અને શાકભાજી ૧૩.૫૩ મે. ટન પ્રાપ્ત કરવામાં આવેલ છે. અને 'કૃષિ રથ' યોજનાના અમલથી કૃષિ અને બાગાયત ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

રાજ્યમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વર્ષ ૨૦૦૦-૦૧ માં હેક્ટર દીઠ ૭૭૪ કિ.ગ્રા. જેટલું હતું તે વધીને આજે લગભગ ૧૫૦૦ કિ.ગ્રા જેટલું થયું છે. જ્યારે મગફળીનું ઉત્પાદન ૨૦૦૦-૦૧ પ્રતિ હેક્ટર ૩૯૫ કિ.ગ્રા. જેટલું હતું. તે વધીને ૧૦૦૦ કિ.ગ્રા. જેટલું થયું છે. એ જ રીતે કપાસનું ઉત્પાદન વર્ષ ૨૦૦૦-૦૧ માં પ્રતિ હેક્ટર ૧૨૦ કિ.ગ્રા. હતું તે વધીને આજે લગભગ ૫૦૦ કિ.ગ્રા. જેટલું થયેલ છે.

**૩) સિંચાઈ અને પાણી પુરવઠો :-**

ખેતી, પીવાના પાણી અને ઉદ્યોગો વપરાશના પાણીની જરુરિયાત સંતોષવા માટે સરકાર ભગીરથ પ્રયત્નો કર્યા છે. સરદાર સરોવર યોજનાનો ખૂબ મોટા મૂડી રોકાણે ઝડપી અમલ, લોકભાગીદારી દ્વારા ચેકડેમ અને ખેત તલાવડીઓનું નિર્માણ કરીને સિંચાઈ અને પાણી પુરવઠાની સુવિધા વધારવામાં આવી છે.

રાજ્યના કુલ ૧૯૬ લાખ હેક્ટર જમીન પૈકી ૧૨૫ લાખ હેક્ટર જમીન ખેતીલાયક છે. જેમાં ૬૫ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. જેમાં સરદાર યોજનાનાં વિસ્તૃતીકરણથી ઉતરોતર વધારો થઈ રહ્યો છે. વર્ષ ૧૯૯૦-૯૧ માં માત્ર ૩૩ ટકા જમીનને સિંચાઈ સુવિધા પ્રાપ્ત થતી હતી. જે વધીને હવે ૫૨ ટકા થયેલ છે.

રાજ્યનો ૨૪૨ શહેરી વિસ્તારો સહિત ડિસેમ્બર-૦૭ સુધીમાં ૪૫૫૬ વસવાટો પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. અને કેન્દ્ર સરકાર (૫૦ ટકા) તથા લોકભાગીદારી (૫ ટકા) ની મદદથી વધુ ને વધુ વિસ્તારોને આવરી લેવાનું આયોજન થઈ રહ્યું છે.

**૫) ઉદ્યોગો :-**

ઔદ્યોગિક ઉત્પાદનની ગુણવત્તા સુધારીને મોટા પાયા પર રોજગારીની તકો ઊભી કરવા તથા વૈશ્વિક સ્પર્ધાત્મક સિદ્ધ કરવા, રાજ્ય સરકારે ૨૦૦૩ માં "ગુજરાત ઔદ્યોગિક નીતિ" નો અમલ શરૂ કરેલ છે.

ઓગષ્ટ, ૨૦૦૭ સુધીમાં રૂા. ૪,૩૧,૮૭૦ કરોડના સંભવિત રોકાણ સાથેનાં ૮૫૦૧ ઉદ્યોગો સ્થાપવાનાં આવેદપત્રો, રૂા. ૨૨,૪૧૮ કરોડના સંભવિત રોકાણ ધરાવતા ૪૫૮ ઇરાદાપત્રો, રૂા. ૮૬૨૭ રોકાણ ધરાવતા ૧૦૦ ટકા નિકાલક્ષી એકમો સ્થાપવા માટે ૫૦૯ પરવાનગીપત્રો મળેલ છે.

સાયન્સ સિટી અમદાવાદ ખાતે તારીખ ૧૨ અને ૧૩ જાન્યુઆરી-૨૦૦૭ ના રોજ 'વાયબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭' નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રૂા. ૪,૬૧,૮૩૫ કરોડનું રોકાણ ધરાવતા ૧૯ જુદા જુદા ક્ષેત્રોમાં કુલ ૩૬૩ સમજૂતી કરાર (M.O.U.) કરવામાં આવ્યા હતા. જે દ્વારા ૧૩,૨૬,૩૮૭ રોજગારીની તકોનું સર્જન તથા અનેક આનુંષાંગિક ઉદ્યોગો અને સેવાક્ષેત્રોના વિકાસ શક્ય બનશે.

ચાવીરુપ ક્ષેત્રોમાં રાષ્ટ્રના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો પેટ્રોલિયમ પેદાશોમાં ૩૮%, કેમિકલ્સ અને ફાર્મામાં ૨૯%, ટેક્ષટાઇલ્સ અને અપેરલમાં ૧૫%, ખાણ-ખનીજ અને ઉદ્યોગમાં ૧૧%, મીનરલમાં ૧૨%, કાગળમાં ૧૧%, અને ડાયમંડ પ્રોસેસિંગમાં સૌથી ઊંચો ૯૦% જેટલો જોવા મળેલ છે. આમ પેટ્રોલિયમ, કેમિકલ્સ અને ફાર્મા તથા ડાયમંડ પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં રાષ્ટ્રીય કક્ષાએ રાજ્યનું પ્રદાન નોંધપાત્ર છે.

દેશમાં મંજૂર થયેલ કુલ પૈકી સૌથી વધુ SEZ (51) ગુજરાતમાં મંજૂર થયેલા છે અને એ વર્ષમાં નિકાસમાં ૧૦૦ ટકા વધારો થવાની અપેક્ષા છે. વળી સેઝ માટે મેળવાતી જમીનનું પ્રમાણ રાષ્ટ્રીય પ્રમાણ કરતાં ગુજરાતમાં ઘણું નીચું છે.

**૬) સેવાક્ષેત્ર :-**

શિક્ષણ, બેંકિંગ, આરોગ્ય, સંદેશા વ્યવહાર, વાહનવ્યવહાર જેવા સેવા ક્ષેત્રમાં પણ રાજ્યનો વિકાસ નોંધપાત્ર છે. જેના લીધે કૃ અને ઓદ્યોગિક ઉત્પાદનને વેગ મળી રહ્યો છે

**અ) શિક્ષણ :-**

વર્ષ '૦૬-૦૭' માં રાજ્યમાં ૩૯૦૬ પ્રાથમિક શાળાઓ, ૭૯૬૮ માધ્યમિક અ ઉચ્ચ માધ્યમિક શાળાઓ જેમાં નોંધાયે વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬.૬૭ લાખ હતી. '૦૭-૦૮' દરમિયાન રાજ્યમાં તાંત્રિ શિક્ષણમાં ડિગ્રી ઇજનેરીમાં ૧૫૬૯૧, ડિ

ફાર્મસીમાં ૩૭૦૫, એમબીએમાં ૪૨૬૫, એમસીએમાં ૧૯૩૫ અને ધોરણ ૧૦ આધારિત ડિપ્લોમામાં ઈજનેરી અભ્યાસક્રમની પ્રવેશ ક્ષમતા ૨૦૧૪૯ બેઠકોની છે.

બ) આરોગ્ય:-

રાજ્યનો જન્મદર ૪૦ (૧૯૭૧) થી ઘટીને ૨૩.૫ (૨૦૦૬) અને મૃત્યુદર ૧૬.૪ (૧૯૭૧) થી ઘટીને ૭.૩ (૨૦૦૬) અને બાળ મરણદર ૧૪૪ (૧૯૭૧) થી ઘટીને ૫૩ (૨૦૦૬) જેટલો નીચો આવેલ છે.

રાજ્યમાં કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો ૨૭૩ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૧૦૭૩ છે. રાજ્યમાં, Multisuper-speciality hospitals નાં કારણે 'મેડિકલ ટૂરિઝમ' નો વિકાસ થઈ રહ્યો છે.

ક) બેંકિંગ:-

વર્ષ ૨૦૦૬ ના અંતે રાજ્યના અનુસૂચિત વાણિજ્યિક બેંકોની કચેરીઓની સંખ્યા ૩૭૯૩ છે. જેની કુલ થાપણો ૧૦૯૯૧૭ કરોડ અને ધિરાણ ૬૮,૫૮૯ કરોડ હતું. જે ૬૨.૪૦ ટકાનો થાપણ-ધિરાણ દર સૂચવે છે. ઉપરાંત સહકારી ક્ષેત્રે પણ રાજ્યની કામગીરી ઉત્તમ રહેલ છે.

ડ) સંદેશાવ્યવહાર:-

નવેમ્બર-૦૭ ના અંતે રાજ્યના કુલ ટેલિફોન ધારકોની સંખ્યા ૧૭૦ લાખની છે. જે સમગ્ર રાષ્ટ્રની સરખામણીમાં ઊંચોદર સૂચવે છે. રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં 'ગાંધીનગરથી ગ્રામપંચાયતો' સુધી ઝડપી કમ્પ્યૂટરાઈઝેશન અને ઈન્ટરનેટની સગવડો ઉભી થઈ છે.

ઈ) વાહનવ્યવહાર:-

બંદરો, રેલ્વે, નેશનલ સ્ટેટ હાઈવેનું માળખું સુવ્યવસ્થિત રીતે ગોઠવાયેલ છે. જેથી ઝડપી વાહનવ્યવહારની સગવડો ઉપલબ્ધ બનેલ છે. વર્ષ ૧૯૯૨-૯૭ દરમિયાન માર્ગોના બાંધકામ અને વિકાસ પાછળ રૂા. ૪૯૦ કરોડ ખર્ચાતા હતા જ્યારે વર્ષ ૨૦૦૨-૦૭ દરમિયાન રૂા. ૪૪૮૧ કરોડ ખર્ચિત છે.

ક) ગ્રામીણ વિકાસ:-

કેન્દ્ર સરકારની જુદી-જુદી રોજગાર ખાતરી યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન ૧૦૦ લાખ માનવદિનની રોજગારી નિર્માણ રૂા. ૧૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

રાજ્યના અતિ પછાત જિલ્લાઓ (ડાંગ, દાહોદ, નર્મદા, પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, નવસારી, ભરૂચ) માં રાષ્ટ્રીય ગ્રામીણ બાંયધરી યોજના હેઠળ દરેક કુટુંબને નાણાંકિય વર્ષમાં ઓછામાં ઓછી ૧૦૦ દિવસની રોજગારીની બાંયધરી આપવામાં આવે છે. ઓક્ટોબર-૦૭ સુધીમાં ૮૦૦૯૪૮ જોબકાર્ડ ઈસ્યુ કરી ૫૩.૯૨ લાખ માનવદિનની રોજગારી ઊભી કરેલ છે. રૂા. ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગ્રામીણ બાંયધરી યોજનાનો અમલ ૧ એપ્રિલ, ૨૦૦૮ થી સમગ્ર રાજ્યમાં કરવામાં કરવાનો નિર્ણય કરેલ છે. જેનાથી ગ્રામીણ ક્ષેત્રે વસવાટ કરતાં લોકોને રોજગારી મળતી થશે અને ગ્રામીણ વિકાસને વેગ મળશે. ગામમાં સંપ જળવાય અને વિકાસનાં કાર્યો સર્વસંમતિથી ઝડપી થાય તે હેતુથી 'સમરસ' ગ્રામ પંચાયતને પ્રોત્સાહન તરીકે રૂા. ૬૦,૦૦૦ થી રૂા. ૧.૦૦,૦૦૦ નું અનુદાન આપવામાં આવે છે. આજ સુધીમાં લગભગ ૪૦૦૦ ગામોને સમરસ જાહેર કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારે સાચા અર્થમાં ગ્રામવિકાસના મંત્રને પરિપૂર્ણ કરી શકાય તે માટે ૧૦ તબક્કામાં ગ્રામસભાનું આયોજન કરીને ૯૭% પ્રશ્નોનો નિકાલ કરેલ છે.

રાજ્ય સરકારની 'જ્યોતિગ્રામ યોજના' એ ગ્રામીણ ક્ષેત્રે નવી ક્રાંતિનો પ્રારંભ છે. ગ્રામીણ વિસ્તારોમાં આ યોજના અંતર્ગત રાત-દિવસ વીજળી આપીને સરકારે આગવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આ યોજના હેઠળ ૧૮૦૦૦ ગામોનો સમાવેશ કરી લાભ પહોંચાડવામાં આવેલ છે.

સરકારે ગ્રામીણક્ષેત્રમાં રસ્તાઓનું બાંધકામ કરીને લગભગ ૯૮.૮૬% જેટલાં ગામોને બારમાસી રસ્તાઓ સાથે જોડી દીધા છે. અને સરકાર સંચાલિત વાહન-વ્યવહારની સેવા પૂરી પાડવામાં આવે છે.

સરકાર દ્વારા સાગર ખેડૂ વિકાસ યોજના, વનબંધુ કલ્યાણ યોજનાઓ દાખલ કરીને ગ્રામ્ય વિસ્તારના આર્થિક રીતે પછાત નાગરિકોને આર્થિક લાભ પહોંચાડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત અનેક કલ્યાણકારી યોજનાઓ સરકારે દાખલ કરીને જુદી-જુદી જ્ઞાતિ-જાતિ, વ્યવસાય, આર્થિક સ્થિતિમાં સુધારો થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે.

છેલ્લાં કેટલાંક સમયથી ગુજરાત ઔદ્યોગિક મોરચે પણ ખૂબ પ્રગતિ કરી છે. શરૂઆતમાં આપણે કાપડ ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગો પર આધારિત હતા તથા ઔદ્યોગિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે મોટાં શહેરોમાં કેન્દ્રિત થયેલ હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આયોજિત ઔદ્યોગિક વિકાસ તેમજ લોકોના સાહસ અને કૌશલ્યના લીધે તથા રાજ્યની કુશળ નેતાગીરીને લીધે રાજ્યની ઔદ્યોગિક સ્થિતિમાં ખૂબ જ પરિવર્તન આવ્યું છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણનું પ્રમાણ વધ્યું છે અને તેથી દેશમાં ગુજરાતની અગ્રણી ઔદ્યોગિક રાજ્ય તરીકે ગણના થાય છે. આમ, રાજ્યની પ્રગતિ જોતાં રાજ્યનો સર્વાંગી વિકાસ શક્ય બન્યો છે અને તેથી જ હવે ગુજરાત સરકાર અને ગુજરાતની પ્રજાનું માનવું છે કે "ગુજરાતની સ્પર્ધા દેશનાં અન્ય રાજ્યો સાથે નહીં, પરંતુ જાપાન અને અમેરિકા જેવા વિકસિત દેશો સાથે રહી છે."

**અર્થસંકલન-ઓક્ટોબર-૦૮**
**અર્થશાસ્ત્ર વિભાગ-પેટલાદ કોલેજ**

## આટલું સમજી જાવ તો...

પ્રેમભાવ વીનાનો - સંબંધ નકામો
લાગણી વીનાનો - મિત્ર નકામો
વિજય વીનાનો - અતર નકામુ
મૂર્તિ વગરનું - મંદિર નકામું
શીલ વગરનું - સૌંદર્ય નકામું
સંયમ વગરનું - યૌવન નકામું
સચ્ચાઈ વીનાની - વાણી નકામી

* * *

ફૂલ કો ફુલ મુબારક
ચાંદ કો ચાંદ મુબારક
હમારી તરહ સે આપ સભી કો (૨૦૦૯)
નયા વર્ષ મુબારક

* * *

આરઝૂ છે, કંઈક કરી બતાવવાની
જીવનને સાર્થક કરવાની
આરઝૂ છે, ચમન બનવાની,
જગતને મ્હેંકાવવાની
આરઝૂ છે, એક મુસ્કાન બનવાની
નિર્દોષ બાળકના હોઠે રમવાની
આરઝૂ છે, કોઈનો પ્યાર બનવાની
અનજાન હૃદયના માલિક બનવાની
આરઝૂ છે, આકાશમાં ઊડી જવાની
સ્વપ્નોમાં ખોવાઈ જવાની....

**પરમાર જગદીશકુમાર બી.**
**ટી.વાય.બી.એ.-૯૯**

આ ડાળ ડાળ જાણે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈ નથી, પગલા વસંતના.

# રત્નકણિકા

વળા'વા આવ્યા છે એ ચહેરો ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ના મળે
વતનના ધૂળથી માથું ભરી લઉં, આદિલ
અરે ! આ ધૂળ પછી ઉંમરભર મળે ન મળે

- 'આદિલ' મનસૂરી

કટુ વાણી સુણી જો કોઈની, વાણી મીઠી કહેજે.
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે
અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો
ન માગ્યે દોડતું આવે : ન વિશ્વાસે કદી રહેજે.

- બાળશંકર કંથારિયા

તમે અસમર્થ છો તો ક્ષમા ગુણ બનશે.
તમે સમર્થ છો તો ક્ષમા ભૂષણ બનશે.
વિશ્વાસ મૂકવો મારું કામ છે.
કર પરિક્ષા ઈશ્વર એ તારું કામ છે.
જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે 'ગની'
હોયના વ્યક્તિ, ને એનું નામ બોલાયા કરે

- ગની દહીંવાલા

સમજી જજો શાનમાં, મન બાંધી લેજે તોલ,
હોય ઈશારા હેતના એના ના કંઈ વગડે ઢોલ

- બાલમુકુન્દ દવે

સત્ય નહિ તે ધર્મ જ શાનો ?
દયા વિના શું દામ જો ને?
મન વશ નહિ તે તપ શાનું ?
શીલ વિના શું સ્નાન જો ને?
વિનય વિના તે વિદ્યા શાની ?
દામ વિના શું દાન જો ને ?

- છોટમ્

અમોલી જીંદગાની કાં અદાવતમાં ગુમાવો છો ?
કદર કો દી ઘટે કરવી, કહોબત આદરી જોજો

- કપિલ ઠક્કર

ઉત્તમ વસ્તુ અધિકાર વિના, મળે તદ્દય અર્થ ન સરે,
મત્સ્ય ભોગી બગલો મુકતા ફળ દેખી ચંચુ ના ભરે.

- દયારામ

મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે !
ઘડીએ બસ એટલું યૌવન દે.
પ્રભુ યૌવન દે, નવયૌવન દે !

- રામનારાયણ વિ.પાઠક 'શેષ'

દેખી બુરાઈ ના કરું છું શી ફીકર છે પાપની ?
ધોવા બુરાઈને બધે ગંગા વહે છે. આપની

- કલાપી

મારાં નસીબ સારાં નહોતા હું કેમ માનું ?
પોઢયો હું રાત લઈને, જાગ્યો પ્રભાત લઈને !

- દિલહર સંઘવી

સંકલન :- વિનંતી આર.ઠાકર (એફ.વાય.બી.એ.)-૨૨

# શું નથી આ ખરી વાસ્તવિકતા

શું નિહાળ્યું, અવની ના ખોળે,
નજરું મિલાવી ને ભીતર હૃદયમાં
અમ દિલમાં વાસના તારી
નિવાસે કલાકો સુધી જોઉં વાટ રે.
હમણાં આવું છું કહી ગયા તમે,
ક્યારેક જન્મ ને ક્યારે મૃત્યું.
બુલંદ છે તુજ દુનિયામાં,
ક્યારેક અસ્તિત્વ તો નિકંદન
જીવનની આ છે ઘાટમાળ,
મિલન મેળાની આ વ્યથા,
જીવન જીવવાની પૂર્તિ મંજિલ ચૂક,
શું? નથી આ ખરી વાસ્તવિકતા.

# તમારી યાદ

વર્ષો થયાં હજુ પણ તમારી યાદ,
કાયમ છે દિલમાં,
શાયદ તમારું નામ સતત જુબાં પર
રમતું રહ્યું છે
હજુ પણ એ જ ઝનૂન ભરી તમારી
જુસ્તજુ છે દિલમાં
જેમ ભરતીમાં પૂર-જોશથી લહેરો
ઊઠે છે સાગરમાં
નથી કંઈ અળગુ થવું દિલથી
સમયની થાપેટમાં
સૂરજ યુગો રહ્યો છે ધરાની સંગાથમાં
અમારી યાદ તમને હીંચકીઓથી
હચમચાવી હશે
કદાચ તમને પણ ક્ષણભર ગુમસુમ
કરી દેતી હશે
તમારી યાદ બની છે સહારો જીંદગી તણી
રબને ભૂલાવી દીધા છે સતત તમારું
નામ રટી રટી.

- તુલસી પી. પટેલ (એસ.વાય.બી.એ.)

# કંટકને ચાંપે....

કંટકને ચાંપે જે ચરણો, સદાય,
એનો પથ માંહી પ્રત્યો વેરાયં,
પરસેવે ન્હાય જેની આખીએ કાયા,
એની સિધ્ધિના સામૈયા થાય,
નવલું નજરાણું એ જ આપી શકે,
જેની આંખો છે આભે મંડાઈ.
અણખેડ્યાં અડાબીડ વચ્ચે જ કેડીને
કંડારે એ જ હો વડાઈ.

-શુકદેવ પંડ્યા

# સ્વાદિષ્ટ વાનગી

એક તદ્દન નવી વાનગી માટે રેસિપી આ પ્રમાણે છે.

**સૌ પ્રથમ** એક કિલો પ્રેમ લઈ **એમ બરાબર** બસો ગ્રામ સ્મિત **ઉમેરો. આથો ચડી રહે પછી એમાં** ચાર ચમચી વિશ્વાસ **અને ત્રીસ** ગ્રામ જેટલી સહાનુભૂતિ **તથા** પા લીટર સચ્ચાઈ ઉમેરો.

**જે મિશ્રણ** તૈયાર **થાય એને બરાબર ઘટ્ટ થવા દો.**

પછી

**એમાં એટલાજ વજન જેટલો** આનંદ રેડી **ઠીકઠીક સમય** સુધી (વૈરાગ્યના) રેફ્રિજરેટરમાં મૂકી રાખો.

થોડા કલાક પછી

**યોગ્ય કદના** ચકતા પાડીને **શત્રુઓ તથા મિત્રોમાં વહેંચવા માંડો.**

આવી સ્વાદિષ્ટ વાનગીનું નામ છે : **જીવન.**

-**વિનંતી આર.ઠાકર (એફ.વાય.બી.એ.)-૨૨**

# જરા હસીએ... હા..હા..હા

બેટો : મા શું જીભને પગ હોય છે ?
મા : પાગલ, જીભને પગ હોય ખરા ?
બેટો : તો પિતાજી કેમ કહેછે કે તારી માની જીભ તો રાતદિવસ ચાલતીરહે છે.

★ ★ ★

વિપુલ : પિન્ટુ, તું ગણિતમાં આટલો બધો કાચો હોવા છતાં ગણિતના પેપરમાં ફેલ કેમ નથી થતો ?
પિન્ટુ : એ તરકીબ હું તને બતાવી શકું છું. જેનાથી તું પણ ક્યારેય ફેલ નહિ થાય.
વિપુલ : કઈ રીતે ?
પિન્ટુ : જે દિવસે ગણિતનું પેપર હોય એ દિવસે પરીક્ષા આપવા નહિ જવાનું.

★ ★ ★

શિક્ષક : બેટા મુન્ના અંગ્રેજો ક્યાંથી આવ્યા હતા ?
મુન્નો : પોતપોતાના ઘરમાંથી

★ ★ ★

ડૉક્ટર (કવિને) : હું સંપાદક નથી, ડૉક્ટર છું. મારે તમારી કવિતા નથી સાંભળવી. તમને શું બિમારી છે તે કહો.
કવિ : પણ, ડૉક્ટર સાહેબ મને તો કવિતા સંભળાવવાની તો બિમારી છે.

★ ★ ★

શિક્ષકે રોકીને પૂછ્યુ : રૉકી તારી પાસે બે સફરજન હોય અને એ સમયે તારો દોસ્ત આવી જાય તો તું શું કરીશ.

રૉકીએ કહ્યું : એ અહીંથી ક્યારે જાય એની રાહ જોઈશ.

★ ★ ★

મોનું એ સોને કહ્યું : આજકાલ મારા પિતાજીની આગળ બધા જ માથું નમાવે છે.

સોનુ એ પૂછ્યું : કયા અફસ્સ છે ?

મોનુ એ કહ્યું : આજકાલ હજામનું કામ કરે છે ।

★ ★ ★

શિક્ષક : સામુ તું સ્કૂલમાં રોજ મોડો કેમ આવે છે?

સામુ : સડકના બોર્ડના કારણે

શિક્ષક : શાનુ બોર્ડ ?

સામુ : ધીરે ચાલવાનુંબોર્ડ ! એટલે રોજ આવતાં મોડું થાય છે.

-પટેલીયા સેમ્યુઅલ ડી. - ટી.વાય.બી.એ. - રોલ નં. ૩૭

## Teacher, A Wonder

Try to please your teacher
as only she can make you mature
She imparts education.
which is essential for our nation
plenty of wark she has to do
and she does it forthe sake of you.
every teacherwho is horn
Removes weakness and
makes you strong.
Remember she is inthe place of
God even up and down.of life
she has taught.

- Patel Gayatri R. F.Y.B.A. -24

## તમે જ છો....

દિવસ હું છું તો પ્રભાત તમે છો
દીવો હું છું તો પ્રકાશ તમે છો
દરિયો હું છું તો કિનારો તમે છો
કાગળ હું છું તો કલમ તમે છો
આંખ હું છું તો દષ્ટિ તમે છો
સ્વપ્ન હું છું તો સત્ય તમે છો
આશા હું છું તો કામયાબી તમે છો
રસ્તો હું છું તો મંજીલ તમે છો
ધડકન હું છું તો જીંદગી તમે છો
શ્વાસની આ દરેક ક્ષણમાં વાસ તમે છો.
આ દુનિયામની ભીડમાં એકલો છું. તો સાથ
તમે તમે જ છો.
આથી આજીંદગીનો સહારો પણ તમે જ છો.

-ફીમાડીયા ટી. કોરસી

## ખોખલી ઈન્સાનિયત

બસ્તિયાં જલ ગઈ, ઘરાને ઉજડ ગયે, કત્લખાને ખૂલ ગયે, કલ તક ગુંજ રહી થી ઈન્સાનિયત કી, લાશો કે ઢેર આજ ગિર પડે. ક્યા હે ધર્મ ઓર ક્યા હે અધર્મ ઈસકે પાઠ બચપન મેં સબકો સીખાયે ગયે,

ફિરભી રહ ગઈ થી કુછ કસર બાકી, કિ હિંદુ-મુસલમાન લડ પડે. દૂસરોં કો કરકે બરબાદ, ખૂદ ખુશિયા મનાને નિકલ પડે, ગાંધી કે ઈસ દેશ મેં, ક્યા યહી દીન દેખને કો રહ ગયે. યે ઈન્સાન બન ગયે હેવાન. જો ખૂન કે સાથે ખેલને લગે, અલ્લાહ-ઈશ્વરની હે હેરાન, ક્યા વે એસે હેવાન પેદા કરને લગે, તુટ ગઈ વિશ્વાસ કી લકીર, યે જમીન બદલતી રહી કરવટે, સહી દો કે સે સિંચી હઈ યે ધરતી પર, હર સીતા કે દામન ખીચને લગે.

**'મેરા ભારત મહાન'** નારે લગાને લહુ લોગ સારે, ખોકે ઈન્સાન, ચલ પડે અપની વાહ-વાહ કરાને, તોડ કર ઈન્સાયિનત કે કાયદે કિતની હદ તક જિંદા રહ પાપેંગે, દફનાકર ઈન્સાયિનત કી રૂહ કો, ક્યા યે ચેન સે મર પાયેંગે, બડાહી ખુશ નસીબ હે વો પંછી, જો હેતા હિંદુ ના મુસલમાન, બસ કમનસીબ તો વો એક હે, જો હે હિંદુ યા મુસલમાન.....

- વિનંતી આર. ઠાકર, એફ.વાય.બી.એ.-૨૨

## નીકળી છું

લાગણીનું વાહન લઈને નીકળી છું.
સમય રૂપી તરાપો લઈને નીકળી છું.
સમુદ્રના મોજાઓ પાર કરવા વાહન લઈને
નીકળી છું.
ઊંચા-નીચા હૈયા રૂપી હસેલા સાથે છે મારી
રાતદિન આખો જ્યાં લ ગિરે પહોંચી
દૂર હોવા છતાં મઝિલે પહોંચવા નીકળી છું.
તારી પરતાયે આંચ ન આવતી કાયા જહારીને
શ્રધ્ધાના સથવારે હૃદયશીલ બની જાઉં છું.
આવ્યા હતા મોટી દુનિયા રચીને
સમયત્યાં ફાવ્યો નાની સૃષ્ટિ સજીને
તૃષ્ણના પર્ણને પાન વેદના હતી આજે
વૃક્ષના કુંણા અંકુરો પણ અનુભવતા હતા દર્દ
દૂર પડેલી એ નજરોના વમળમાં
સૂર્ય ઉગતાની સાથે વિચારવૃદમાં નીકળી
હતી.

- પટેલ તુલસી પી. -રોલ નં. ૮-એસ.વાય.બી.એ.

## પુત્ર-પુત્રીની તુલનાત્મક રચના

| પુત્ર | પુત્રી |
|---|---|
| પુત્ર અલ્પછે. | પુત્રી વિકલ્પ છે. |
| પુત્ર હાલ છે. | પુત્રી વહાલ છે. |
| પુત્ર દવા છે. | પુત્રી દુઆ છે. |
| પુત્ર વારસ છે. | પુત્રી પારસ છે. |
| પુત્ર ઝંખના છે. | પુત્રી જય છે. |
| પુત્ર જ્ઞાતા છે. | પુત્રી વિધાતા છે. |
| પુત્ર આન છે. | પુત્રી શાન છે. |
| પુત્ર અભિમાન છે. | પુત્રી ગૌરવ છે. |
| પુત્ર કૂળનો વંશ છે. | પુત્રી કૂળનો અંશ છે. |
| પુત્ર કુટુંબનો સ્વભાવ છે. | પુત્રી કુટુંબનું સ્વરૂપ છે. |
| પુત્ર શબ્દ છે. | પુત્રી સૂર છે. |
| પુત્ર સંપતિ છે. | પુત્રી સન્મતિછે. |
| પુત્ર અરજ છે. | પુત્રી ફરજ છે. |
| પુત્ર ભાવ છે | પુત્રી સ્વભાવ છે. |
| પુત્ર કરમ છે. | પુત્રી ધરમ છે. |
| પુત્ર આગ છે. | પુત્રી બાગ છે. |
| પુત્ર વીજ છે. | પુત્રી વાદળ છે. |
| પુત્ર મેઘ છે. | પુત્રી મેઘધનુષ છે. |
| પુત્ર પાર્ન છે. | પુત્રી સ્વાર્ન છે. |
| પુત્ર માન છે. | પુત્રી સન્માન છે. |

- પટેલ તુલસી પી. -રોલ નં. ૮-એસ.વાય.બી.એ.

## પરીક્ષા કરીશું પસાર

આજે નાના કાલે મોટા થઈશું,
એવી મહત્વાકાંક્ષા અપાર,
પગથિયું એક એક ચઢતાં જઈશું,
અમે જોઈશું ગગન હદની બહાર !
આજે નાના.....

આજે ભલે નાની શાળામાં ભણીએ
થશે મહાશાળાઓનો વિસ્તાર,
સદ્ગુણની સંપાદાથી વ્યક્તિત્વ સુધરે.
પછી સુધારીશું ઘર-પરિવાર !
આજે નાના.....

શિલ્પની જેમ નાના પથ્થર ઘડાય
પછી ઘડાશે સમાજ સંસ્કાર,
વિશ્વ મંદિરે થશે સમાજ સંસ્કાર,
ચકીન થઈ જોશે આખો સંસાર !
આજે નાના.....

સંસ્કૃતિ જ્ઞાનની પરીક્ષાઓ આપતાં
થશે અગણિત કસોટીઓ પસાર
જીવનમાં એક એવો મંત્ર પાળી લઈએ,
'સાદુ જીવન ને ઉન્નત વિચાર'
આજે નાના.....

પટેલ તુલસી પી. -રોલ નં. ૮-એસ.વાય.બી.એ.

# આટલું શીખો.

જીવન આપ્યું કુદરતે, તેને જીવતા શીખો
પ્રેમ આપ્યો મનુષ્યે - તેને પરિણમતા શીખો
સંસ્કાર આપ્યાં માતા-પિતાએ - તેને વહેંચતા શીખો
વિદ્યા આપી ગુરુએ - તેનો ઉપયોગ કરતાં શીખો
દયા આપી પ્રભુએ - લોકોને મદદ કરતા શીખો
તન-મન-આપ્યું પ્રભુએ - તેને સાચવતાં શીખો
બુદ્ધિ એ આપ્યું ધન - તેનું દાન કરતા શીખો

★ ★ ★

જીવન એક કોરો કાગળ હતો
તેમાં કોઈક આવી લખી ગયું કશુંક
નહોતું નામો નિશાન તેના પર
કો'ક આવી ચીતરી ગયુ કશુક
છતાં શોધતી જ રહી જીંદગીભર કોણ હતું તે?
પણ જીવનમાં એકલતા સિવાય કશુ ન મળ્યું
અંતમાં,
ખબર પછી પડી કે તે કોઈ નહોતુ
પણ
હતો મારો ફક્ત વ્હેમ જ ?

★ ★ ★

કાંટા ભલે અમે રહ્યાં અને કોઈ ફરિયાદ નથી.
ખીલ્યાં નથી તો શું થયું... ?
કરમાવાનો અમને કોઈ ડર નથી, કાચી કેરી
જેવા ભલે અમે ખાટાં રહ્યા હરિકૃપાથી અમે
થઈશું ખટમીઠાં અથાણાં
સમય જતાં પાકશે કાચીકેરી,
પાકી કેરી લાગશે સૌને મધુરી અપરિપકવી, અમે
કાચી કેરી જેવા સમય જતાં ઠોકરો વાગતાં,
અનુભવથી ઘડાતાં અમે પરિપકવ તથા
પરિપકવતાનું પુનિત પ્રસ્થાન ગજવશું. અને
કો'ક દિવસ કંઈક કરીબતાવીશું.

# મારું પ્રતિબિંબ

તમારા હોઠો જાણે ગુલાબની પાંખડી
તમારી આંખો જાણે કમળની પાંખડી
તમારો સ્વર જાણે રૂપાની ઘંટડી
તમારી ચાલ જાણે મોહક હરણીની
તમારા હાથો જાણે નમતી ડાળખી
તમારા ચરણો જાણે નમણું ઘાસ
તમારુ વદન જાણે મહેકતું ઉપવન
તમારુ હાસ્ય જાણે મધુકર ગુંજન
તમારું રૂદન જાણે વરસતી વરસાનું રીમઝીમ
અને તમે આખે આખા
અને તમે આખે આખા,
બેલ.....ફુલ " મારું પ્રતિબિંબ "

- પ્રિયંકા પી.પટેલ -એસ.વાય.બી.એ.

# આ શહેર છે !

છે અહીં મોંઘા દુકાન ને મકાનો
આ શહેર છે.
માનવથી છે માનવ ઓળખામણો,
આ શહેર છે.
રહે છે મંદિરમાં પણ લાંબી કતારો,
આ શહેર છે.
સમજાય તો કાફી છે, આંખનો ઈશારો,
આ શહેર છે.
આંખ કરે તેવા રૂપનો, છે અહીં ખજાનો,
આ શહેર છે.
વિદ્યા વેચે એવાય છે અહીં સંસ્થાનો
આ શહેર છે.
રૂપિયા પાછળ છે માણસ દિવાનો
આ શહેર છે.
છતાં હમર્દદ મળી જાય છે કોઈ ગરીબોનો
હાં ! આ શહેર છે.

- શ્રધ્ધા એ.પટેલ -એસ.વાય.બી.એ.

# આવકત

કહો છો કયાં છે આવડત મને
ખંજર વિના કત્લે-આમ કરી ગયા
ખેંચી ગયા મદહોશ નગરમાં
ન ઝહેરને પણ જામ કરી ગયા
કશ્મકશના સિલસિલાથી ન વાકેફ હતા
ભીનાં પગલાંથી રંગીન શામ કરી ગયા
વહેણ તમારાં મુજ આશિયાનામાં સરતાં રહ્યાં
ને ગુમશુદા ખુદ, રાત તમારે નામ કરી ગયા.

- ઉર્વશી બી. પટેલ- એસ.વાય.બી.એ.

# આંસુ

પર દુઃખે જો સરે આંસુ,
અમૂલ મોતી બની હરે આંસુ
ઓગાળે દુઃખનો હિમાલય,
કામ કેવું ભવ્ય કરે આંસુ,
ભીતર ભભૂકે અગ્નિ આક્રોશનો,
અંગાર બની ઝરે આંસુ
હૈયુ હોય જો વજ્ર સમું તો,
આંખ સુધી આવતા કરે આંસુ,
પત્થર દિલોને પીગળાવે પળમાં,
કામ પીર જેવું કરે આંસુ.

- શ્રધ્ધ એ. પટેલ- એસ.વાય.બી.એ.

મારાં નસીબ સારાં નહોતા હું કેમ માનુ ?
પોઢ્યો હું રાત લઈને, જાગ્યો પ્રભાત લઈને ?

- દિલહર સંઘવી

# ગ્રંથાલય

શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્
કોલેજ એટલે પેટલાદ તાલુકામાં ગુંજતુ એકમા
શિક્ષણધામ, આખા તાલુકાનું શિક્ષણ, સંસ્કા
પ્રગતિ, કારકિર્દી, સિંચતુ એકમાત્ર શિક્ષણધા
અને આ પેટલાદ તાલુકાનાં વનમાં શિક્ષણ
સુવાસ ફેલાવે છે કોલેજરૂપી બગીચો, તેમાં પ
કોલેજ વાંચનાલય (લાયબ્રેરી) એટલે ઉત્ત
સુંવાસ ફેલાવતુ ફુલ.

કોઈપણ વિદ્યા પાછળ, શિક્ષણ, શિક્ષ
વિદ્યાર્થી ઉપરાંત તેના વાંચનાલયનો પણ એ
જ ફાળો હોય છે. કારણ કે જે શિક્ષણ કે વિ
ગ્રહણ કરવાની હોય છે તેનો મુખ્ય સ્ત્રોત ત
વાંચનાલય હોય છે. કારણ કે ત્યાંથી જ પ્રક
પથરાય છે. અને અંધકારમય અજ્ઞાન દૂર થ
છે. એથી જ પુસ્તકાલયનું અનેરૂ માહત્મય

શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાય
કોલેજની લાઈબ્રેરી ખૂબ જ અગત્યની
અનહદ સેવાપુરી પાડનારી છે. એથી વિદ્યાર્થી
માટે હંમેશા ખડેપગ સેવા મળે છે. જેથી વ
વધુ વિદ્યાર્થીઓ સફળતાના શિખરો સર
શકે. એથી આ પુસ્તકાલયની મહત્વની બા
છે તેનું મેનેજમેન્ટ જે ખૂબ જ સારું છે જેથી ખૂ
સરળતા રહે છે. અને વિદ્યાર્થીઓની મુશ્કેલ
ઓછી થાય છે.

આ પુસ્તકાલયમાં વિદ્યાર્થી
વિદ્યાર્થીનીઓની માટે અલગ-અલગ વાં
સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત વિદ્યાર્થી
અભ્યાસક્રમ સબંધિત પુસ્તકો સ
સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ દંતાલી અ
તરફથી ચાલતી બુકબેંક યોજના દ્વારા સાય
વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન પુસ્તકો આપ
આવે છે. અને તે સિવાય પણ પુસ્તકો માટે
સેવા ઉપલબ્ધ છે. જેથી ખૂબ જ સારી રીતે પુ
ઉપયોગમાં લઈ શકાય.

આ પુસ્તકાલયમાં લગભગ બ
વિષયો સબંધિત પુસ્તકો ઉપલબ્ધ છે.
રસપ્રદ વાત એ છે કે તેનાં સંચાલક તરફ
વિદ્યાર્થીઓને ગમે ત્યારે જરૂરિયાત
આપવામાં આવે છે.

કોલેજ લાયબ્રેરીના હેડ શ્રી સુમ
એમ.પારેખ તેમની વિશિષ્ટતા એ છે કે
આખો દિવસ કામકાજમાં ગૂંચવાયેલા હો
વિદ્યાર્થીની મુશ્કેલી કે તેને સંબંધિત કા
હંમેશા ઉપસ્થિ હોય છે. તેઓ ખૂબ જ

કાર્યનિષ્ઠ અને પ્રેરણાસ્રોત છે. તેઓની અગત્યની વાત એ છે કે તેઓ સ્વભાવે ખૂબ જ નમ્ર અને મૃદુ સ્વભાવનાં હોવાથી વિદ્યાર્થીઓ સાથે ખૂબ જ સારી ગોષ્ઠિ થાય છે. વર્ષોથી તેઓ ફરજ બજાવે છે અને મેં જેટલા વર્ષથી તેમની સેવા જોઈ છે તેથી તો લાગે છે કે આવા હર્યાભર્યા નંદનવનને હંમેશા મેંહકતુ રાખવા માટે આ માળીની હંમેશા જરૂર પડશે. તેમની કાર્યપ્રણાલી થી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. તેઓ ઉમદા વ્યક્તિત્વ ધરાવે છે. આ કોલેજ નસીબવંત્તી છે કે તેને આ પ્રકારનાં પુસ્તકાલયના સંચાલક મળ્યા. તેમનાં માટે હૃદયમાંથી હંમેશા આભાર પ્રગટ થાય છે અને સાથે સાથે ભારોભાર માન ઉત્પન્ન થાય છે તેમની સાથેનાં સેવક (ભગતજી) તેઓ પણ એટલાં જ સારા છે. તેઓ પણ અત્યંત હૃદયથી કાર્ય બજાવે છે. તેઓ સાચે જ ખૂબ જ સારી સેવા બજાવે છે. હંમેશા વિદ્યાર્થીઓ માટે ખડેપગ ઉભા રહે છે. અને ગમે ત્યારે તેઓ કામ માટે તૈયાર હોય છે.

આપણે ત્યાં કહેવત છે હીરા સાથે રહેવાથી હીરોના બની શકાય પણ પારસમણિ સાથે રહીને કથિર પણ સોનુ થઈ જાય. બસ, પુસ્તકાલય સંબંધિત દરેક વસ્તુસોનુ બની જાય છે.

આ પુસ્તકાલયમાં નિયમિત બધા જ સમાચાર પત્રકો, સામયિકો, પુસ્તકો ઉપલબ્ધ છે. અનેખૂબ જ સારાં સારાં પુસ્તકો ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ હરહંમેશ તેનો ઉપયોગ કરે તેવી મહેચ્છા શ્રી પારેખ સાહેબ ધરાવતા હોય છે.

આ ઉપરાંત લાયબ્રેરીમાં 'Earn with you learn ' સ્કીમ ઉપલબ્ધ છે. જેમાં વિદ્યાર્થીઓ ભણતાં ભણતાં લાયબ્રેરીની ફરજ બજાવી અનુભવ મેળવી શકે છે. જેથી તેઓ તેનાં માટે તૈયાર થાય છે. આ ઉપરાંત પરિણામ સંબંધિત કાર્યો અને બીજી અન્યપ્રવૃત્તિનું કેન્દ્ર છે આ પુસ્તકાલય.

પુસ્તકાલયમાં મહાનવ્યક્તિઓની ગાથા, વાર્તા, અને અન્ય ગ્રંથો ઉપલબ્ધ છે. જેનો રસ પ્રમાણે વિદ્યાર્થીઓએ ઉપયોગ કરવો જોઈએ. પુસ્તકાલયમાંશ્રી ડૉ. અબ્દુલકલામ આઝાદ પ્રેરિત "ભારત ૨૦૨૦" પુસ્તક મને ખૂબ જ પ્રિય છે. આ ઉપરાંત શ્રી ધીરુભાઈ અંબાણીની આત્મકથા, સ્વામિ સચ્ચિદાનંદ પ્રેરિત પુસ્તકો પણ ખૂબ જ પ્રભાવિત કર્યા છે. લગભગ બધાં જ સારા લેખકોનાં અને અભ્યાસ સંબંધિત પુસ્તકો અહી ઉપલબ્ધ છે.

કોલેજ ખુલે છે ત્યારે ઓફિસ બાદ, ધમધમતું Department લાયબ્રેરી હોય છે. અને સાંજે મોડે સુધી એ ચાલતુ હોય છે. જેથી તેની કાર્યપ્રણાલિનો ખ્યાલ આવતો હશે ? ખરેખર ખૂબ જ અગત્યનું અને ઉપયોગી છે.

કોલેજમાં વિદ્યાર્થીઓની કારકિર્દી બનાવવામાં પ્રોફેસર સાહેબનો ખૂબ ઉમદા ફાળો છે. પરંતુ આ ઉપરાંત લાયબ્રેરીનાં સંચાલક શ્રી સુમનભાઈ પારેખ જેઓ ભલે વિદ્યાર્થીઓનાં વર્ગોના લેતાં હોય પણ તેમનો ફાળો પણ વિદ્યાર્થીઓનાં જીવનમાં એટલો જ છે.કારણ કે વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં તેમનો હાથ છે જ.

તેઓ સાથે જ વિદ્યાર્થીરૂપી છોડને ઉત્તમ શિક્ષણ સિંચાઈ પુરુ પાડે છે. તેમનાં ગુણો વિદ્યાર્થીઓએ જીવનમાં ઉતારવા જેવા છે. જેથી તેમની પણ ઉન્નતિ થાય.

હું કોલેજનો ભૂતપૂર્વ વિદ્યાર્થી મકવાણા ભરતભાઈએ તેમનો ખૂબ હૃદયપૂર્વક આભાર માનુ છું. આશા છે તેમની કાર્યનિષ્ઠા, ફરજની, સુવાસ આમ જ ફેલાતી રહે અને શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજને હંમેશા સિધ્ધિને પ્રદાન કરતું રહે.

- જય હિન્દ ! જય ગુજરાત !

**- મકવાણા ભરતભાઈ અંબાલાલ**

## ફક્ત એક મિનિટમાં...

- મનુષ્યનું હૃદય એક મિનિટમાં ૭૨ વાર ધબકે છે.
- ઘોડો એક મિનિટમાં અંશતઃ ૧૨ શ્વાસ લે છે.
- ગાય, મરઘી, કબુતર અને ઉંદરે ક્રમશઃ ૨૦, ૫૦,૬૦ અને ૧૩૦ વાર શ્વાસ લે છે.
- પૃથ્વી એક મિનિટમાં ૧૭૩૭ કિમીની ઝડપીથી સૂર્ય ચારે બાજુએ ભ્રમણ કરેછે.
- લોખંડ ઓગાળવાના કારખાનામાં એક મિનિટમાં ૬૫૦ ટન કાચુ લોખંડ અને ૧૦૦ ટન બીડનું લોખંડ ઓગળે છે.
- એક મિનિટમાં વિશ્વના તેલ કુવાઓમાંથી ૩૬૦૦ ટન ખનિજતેલ અને ખાણમાંથી ૪૦૦૦ ટન કોલસો કાઢવામાં આવે છે.
- એક મિનિટમાં સંસારમાં ૭૬૨૫ બાળકો જન્મ લે છે.
- એક મિનિટમાં સંસારમાં ૫૩૧૦ લોકો મરણ પામે છે.

**- પટેલ રોમીક વી. એફ.વાય.બી.એ.-૧૬૧**

## સંસ્થા સમાચાર

* કોલેજમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ભગીની સંસ્થા કોમર્સ કોલેજના પૂર્વ આચાર્યશ્રી તુષાર હાથી સાહેબનું વૈશ્વિકરણ અને ઉચ્ચ શિક્ષણ અને તેના પડકારો, તકો વિષય વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.
* કોલેજમાં ભારતીય સંસ્કૃતિ અને તેની ભાતીગઢ પહેરવેશને આજની યુવા પેઢી પણ જાણે અને તેમના જીવનમાં પણ માણે તે આશયથી કોલેજની બહેનોએ સાડી ડે અને ટ્રેડીશેનલ ડે ની ઉજવણી કરી હતી.
* કોલેજમાં તા.૧૮-૧-૦૮ દરમ્યાન ચાર દિવસના મેથેમેટિકે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.એસ.યુનિ. વડોદરાના ગણિત વિભાગના અધ્યક્ષ ડૉ. જે.આર.પાટડિયા તથા એમ.બી.પટેલ, કોલેજ ઓફ એજ્યુકેશન વિદ્યાનગરના આચાર્ય શ્રી એન.આર.પટેલ, પ્રમુખ-સ્થાને અને અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અને સમગ્ર વર્કશોપનું સંચાલન કોલેજના પ્રા.શ્રી એસ.ડી.શુકલાએ કર્યું હતું.
* કોલેજમાં એફ.ડી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેન તેમજ એકેડમિક સ્ટાફ કોલેજ ખાતે ગુજરાત યુનિ. ના સંયુકત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં આપણી કોલેજના ગુજરાત વિભાગના અધ્યાપીકા પ્રા.પ્રિતીબેન દવેએ કોલેજનું નેનૃત્વ સંભાવ્યું હતું.
* તા.૦૭-૨-૦૮ ના રોજ શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ અને શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાળા કોમર્સ કોલેજના સંયુકત ઉપક્રમે એન.સી.સી. નો વાર્ષિક દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેના અધ્યક્ષ સ્થાને ફોર્થ ગુજરાત બટાલીયનના સુબેદાર મેજર રાજેન્દ્રસિંહ તથા મુખ્ય મહેમાન પોપટભાઈ સિંઘવ અને કોલેજના આચાર્યશ્રી વિમલ જોષી ઉપસ્થિત રહ્યા હતા. અને તેઓએ દિલ્હી ખાતે રીપબ્લિક ડે પરેડમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર કેડેટ સિંઘવ નિમિષાબેનને ઈનામોથી સન્માનિત કર્યા હતા.
* તા.૭-૨-૦૮ ના રોજ શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદના વિદ્યાર્થીઓએ ચંડીગઢ મુકામે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. જુડો ચેમ્પિયનશીપમાં (ચૌહાણ હેતલ બહેન) તથા કોલ્હાપુર મુકામે યોજાયેલા કુસ્તી ચમ્પિયનશીપમાં સોલંકી રાજુભાઈએ ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજને ગૌરવ

અપાવ્યું હતું જેનો શ્રેય કોલેજના ફીઝીકલ ડાયરેક્ટરશ્રી એમ.કે.મંડોરાને જાય છે

* તા.૧૬-૧-૦૮ થી ૨૫-૧-૦૮ દરમ્યાન શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદના વિદ્યાર્થીઓની એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર પેટલાદના ધારાસભ્ય શ્રી નિરંજનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાટીયેલ ગામે યોજાઈ હતી. જેનું સફળ સંચાલન એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસર શ્રી એસ.વી.પટેલ (પ્રા. કેમેસ્ટ્રી વિભાગ) કર્યું હતું.

* કોલેજના કોમ્પ્યુટર વિભાગ પેટલાદના સંયુક્ત ઉપક્રમે ટીપ્સ ટુ ટેકનોલોજી દ્વારો વિષય પર સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગનું ઉદઘાટન ભાટીયેલના પુનમભાઈ પટેલે કર્યું હું. આ પ્રસંગે હરેનભાઈ શાહ, આશિષ, વાલ્વી, પ્રિ. ડૉ. વિમલ જોષી, પ્રા. વિમલ પંડ્યા, ડૉ. જી.એન.જાની વગેરેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

* તા.૨૬-૧-૦૮ ના રોજ દિલ્હી ખાતે ગણતંત્રના દિવસે કેમ્પમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ અને દિલ્હી ખાતે રીપબ્લિક ડે પરેડમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ સિધ્ધપ મિશ્રિબહેને કરી પેટલાદ કોલેજ, અને પેટલાદ શહેરને ગૌરવ અપાવ્યું હતું. તા.૨૧-૮-૦૭ ના રોજ કોલેજના અંગ્રેજી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક શ્રી સે.એમ.શાહ સાહેબનું અદ્ભુત કલામની દ્રષ્ટિએ ભારત વિષય ઉપર મનનીય પ્રેરક વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં તેઓએ પોતાના પ્રવચનમાં ડૉ. કલામના વ્યક્તિત્વના વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી અને તેમની આત્મ કથા અગ્નપંખ, તથા લોકમાનસમાં પરિવર્તનની આવશ્યકતા અને શિક્ષણક્ષેત્રમાં સુધારા વગેરે વિષયો ઉપર પોતાના વિચાર રજુ કરી વિદ્યાર્થીઓને ઉત્તમ સાહિત્ય પરિસ્યુ હતું.

* તા.૨૯-૩-૦૮ના રોજ શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ અને ઈન્ફલીબિનેટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'Strengthening-Lebrary Resources Through Innovative Technology' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની વિવિધ કોલેજમાં થી આશરે ૨૫૦ જેટલા કોલેજ ગ્રંથપાલોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શાહપુરના દાતા શ્રી ખોડાભાઈ પટેલ, મંત્રીશ્રી હરેનભાઈ શાહ, કોલેજના પ્રિ. શ્રી વિમલ જોષી ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના મુખ્ય વક્તાઓમાં ડૉ.જગદીશ અરોરા-ઈન્ફલીબનેટ, ડાયરેક્ટર, ડૉ. ચંદ્રકાન્ત એન. રાવલ સાહેબ, શ્રી શૈલેષ યાજ્ઞિક, માઈકા અમદાવાદના ચીફ ગ્રંથપાલ વગેરેએ ઉપરોક્ત વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે કોલેજના ગ્રંથપાલશ્રી સુમનભાઈ એમ.પરીખે અને DLIS ની વિદ્યાર્થીની નીશા મહારાજે સેમિનારનું સફળ સંચાલન કર્યું.

* તા.૭-૨-૦૮ ના રોજ શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદના વિદ્યાર્થીઓએ ચંડીગઢ મુકામે યોજાયેલમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. જુડો ચેમ્પિયનશીપમાં (ચૌહાણ હેતલબેન) તથા કોલ્હાપુર મુકામે યોજાયેલ કુસ્તી ચેમ્પિયનશીપ માં સોલંકી રાજુભાઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજને ગૌરવ અપાવ્યું હતું. જેનો શ્રેય કોલેજના ફીજીકલ ડાયરેક્ટરશ્રી એમ.કે.મંડોરાને જાય છે.

* તા.૧૬-૧-૦૮ થી ૨૫-૧-૦૮ દરમ્યાન શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદના વિદ્યાર્થીઓની એન.એન.એસ.ની વાર્ષિક શિબિર પેટલાદના ધારાસભ્યશ્રી નિરંજનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાટીયેલ ગામે યોજાઈ હતી. જેનું સફળ સંચાલન એન.એન.એસના પ્રોગ્રામ ઓફિસર શ્રી એસ.વી.પટેલે (પ્રો.કેમેસ્ટ્રી વિભાગ) કર્યું હતું.

* કોલેજના કોમ્પ્યુટરના વિભાગ પેટલાદના સંયુક્ત ઉપક્રમે ટીપ્સ ટુ ટેકનોલોજી દ્વાયો વિષય પર સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે ઉદઘાટન ભાટીયેલના પુનમભાઈ પટેલેકર્યું હતું. આપ્રસંગે હરેનભાઈ શાહ, આશિષ વાલ્વી, પ્રિ.ડૉ. વિમલ જોષી, પ્રા.વિમલ પંડ્યા, ડૉ. જી.એન. જાની વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

(વધુ આવતા અંકે)

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ____________________

From :-

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬